ડાયમંડ વર્કર યુનિયનનો સરકાર અને રાજકીય પક્ષોને ચેતવણીભર્યો સંદેશ

વ્યવસાય વેરો રદ કરવા જે પક્ષ સંમતિ આપશે તેને રત્નકલાકારોના મત મળશે

વ્યવસાય વેરો રદ કરવા જે પક્ષ સંમતિ નહીં આપે એનો ચૂંટણીમાં બહિષ્કાર કરીશું

રાજ્યમાં 20 લાખ રત્નકલાકારો હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે

80 કરોડનો વેરો, સુવિધાઓ શૂન્ય

યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, રત્નકલાકારો દર વર્ષે અંદાજે 80 કરોડ રૂપિયા જેટલો વ્યવસાય વેરો ચૂકવે છે, પરંતુ તેના બદલામાં કોઈપણ પ્રકારની સુવિધા કે લાભ મળતો નથી. હીરાના કારખાનેદારો કામદારોના પગારમાંથી વ્યવસાય વેરો કાપે છે, છતાં મજૂર કાયદાઓ હેઠળ મળતી સવલતો આપવામાં આવતી નથી. ટાંકે પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે રત્નકલાકારોને મજૂર તરીકેના કાયદાકીય હક્કો અને સુવિધાઓ મળતી નથી, ત્યારે તેમની પાસેથી વ્યવસાય વેરો વસૂલવાનો કોઈ ન્યાય નથી. તેથી આ વેરો તાત્કાલિક રદ કરવો જોઈએ.

સુરતઃ જે પક્ષ વ્યવસાય વેરો રદ કરવા માટે સંમતિ આપશે તેને જ રત્નકલાકારો મત આપશે. જે નહીં આપે તેને મત નહીં મળે તેવું ડાયમંડ વર્કર યુનિયન દ્વારા જણાવાયું છે.

યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, છેલ્લાં દસ વર્ષથી ગુજરાત સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં વ્યવસાય વેરો રદ કરવામાં આવ્યો નથી. રત્નકલાકારો 80 કરોડનો વ્યવસાય વેરો ભરે છે, એની સામે કોઈ સુવિધા મળતી નથી. હીરાના કારખાનેદારો રત્નકલાકારોને વ્યવસાય વેરો કાપી પગાર ચૂકવે છે પણ મજૂર કાયદાઓનો લાભ આપતા નથી. કારીગરોને જો મજૂર કાયદાઓનો લાભ કે સુવિધાઓ મળતી નથી તો વ્યવસાય વેરો શા માટે કાપવામાં આવે છે, એ રદ થવો જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું કે, છેલ્લાં ત્રણ વર્ષથી હીરા ઉદ્યોગ મંદીના ઘેરામાં છે. સુરતમાં અંદાજે 7 લાખ અને ગુજરાતના કુલ 7 જિલ્લામાં મળી લગભગ 20 લાખ રત્નકલાકાર આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. મંદીના કારણે રોજગારી અને આવક બંને પર ગંભીર અસર પડી છે. આ એલાન સાથે રત્નકલાકારોએ રાજકીય પક્ષો પર દબાણ વધાર્યું છે. હવે જોવાનું રહ્યું કે આવનારી ચૂંટણી પહેલા કયો પક્ષ રત્નકલાકારોની આ મુખ્ય માંગ સ્વીકારીને તેમને આશ્વાસન આપે છે.

ભીડ ઘટાડવા ભેસ્તાન અને ચલથાણથી ટ્રેનો દોડાવો

એપ્રિલ-મે માસમાં શ્રમિકો વેકેશનમાં વતન જાય છે ત્યારે સુવિધા ઊભી કરવા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરને સુરત ચેમ્બરની રજૂઆત

સુરતઃ ઉધના રેલવે સ્ટેશન પર થયેલા લાઠીચાર્જ બાદ આજે ચેમ્બર ઓફ કોમર્સનું પ્રતિનિધિ મંડળ રેલવેના જનરલ મેનેજરને મળ્યું હતું. અને અનેક રજૂઆતો કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરને જણાવવામાં આવ્યું હતું કે, સુરતમાં આશરે પાંચ લાખ જેટલા શ્રમિકો ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશ જેવાં રાજ્યોમાંથી આવીને ઉદ્યોગોમાં કાર્યરત છે. ખાસ કરીને એપ્રિલ અને મે મહિનામાં શાળાઓમાં રજાઓ હોવાના કારણે શ્રમિકો પરિવાર સાથે વતન જતા હોય છે. જેના કારણે મુસાફરોની સંખ્યામાં ભારે વધારો થાય છે. આવી પરિસ્થિતિની જાણ હોવા છતાં રેલવે તંત્ર દ્વારા પૂરતી સંખ્યામાં હોલિડે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવતી ન હોવાને કારણે ટ્રેનોમાં ભીડ અને સ્ટેશને અવ્યવસ્થાની સમસ્યા ગંભીર બને છે. જેથી રેલવેએ વધુ ટ્રેનો દોડાવવી જોઈએ. આ રજૂઆતમાં પ્રમુખ નિખિલ મદ્રાસી, રેલવે કમિટીના ચેરમેન રાકેશ શાહ અને સેક્રેટરી પૌલિક દેસાઈ સહિતનું પ્રતિનિધિ મંડળ હાજર રહ્યું હતું.



પ્રદેશ પ્રમુખ આવવાના હતા તો પોલીસે પક્ષના જ કાર્યકરોને ખખડાવી નાંખ્યા

વોર્ડ 10માં વફાદાર કાર્યકર્તાઓ સાથે ગુનેગાર જેવું વર્તન કેમ?, કોળી સમાજના અગ્રણીનો ઉગ્ર આક્રોશ

સુરતઃ ભારતીય જનતા પાર્ટીના વર્ષો જૂના અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓ હવે પક્ષની વર્તમાન કાર્યપદ્ધતિ અને માનસિકતા સામે સવાલો ઉઠાવી રહ્યા છે. વોર્ડ નંબર 10 માં કોળી સમાજની 37,000 થી વધુ વસ્તી હોવા છતાં, સમાજના યોગ્ય ઉમેદવારોને ટિકિટ ન મળતા સિનિયર કાર્યકર્તા મહેશભાઈ પટેલ અને અન્ય કાર્યકર્તાઓ દ્વારા શાંતિપૂર્ણ રીતે રજૂઆત કરવામાં આવી હતી.

મહેશભાઈના જણાવ્યા અનુસાર, તેમની પત્નીની ઉંમરનું બહાનું કાઢી ટિકિટ ન અપાઈ, પરંતુ જે યુવા ઉમેદવારોની ઉંમર લાયક હતી તેમને પણ અન્યાય કરવામાં આવ્યો છે. સૌથી ગંભીર આરોપ એ છે કે, પ્રદેશ અધ્યક્ષ વિશ્વકર્માજીની મુલાકાત પૂર્વે મહેશ પટેલ અને ફેનિલ પટેલને અડાજણ પોલીસ સ્ટેશન બોલાવી 'ધમાલ કરશો?' તેવા પ્રશ્નો પૂછી અપમાનિત કરવામાં આવ્યા હતા. મહેશભાઈ પટેલે યાદ અપાવ્યું કે ભૂતકાળમાં પક્ષના એક નિષ્ઠાવાન નેતા પર આંદોલન દરમિયાન પથ્થરમારો થયો હોવા છતાં, તેમણે કાર્યકર્તાઓ પ્રત્યેના પ્રેમ ખાતર પોલીસ કેસ કરવાની મનાઈ કરી હતી; જ્યારે આજે સ્થિતિ એવી છે કે પક્ષના જ ઉમેદવાર નિલેશ પટેલના ઈશારે પોલીસનો ડી-સ્ટાફ પોતાના જ કાર્યકર્તાઓ પર નજર રાખવા ગોઠવી દેવામાં આવ્યો હતો.

ફેનિલ પટેલ જેવા જુનિયર કાર્યકર્તાને પારિવારિક પ્રસંગો છોડી પોલીસ સ્ટેશનના જવાબ આપવા મજબૂર કરાયા તે બાબતે મહેશભાઈએ દુઃખ વ્યક્ત કર્યું છે. "શું અન્ય સમાજના આંદોલનકારી નેતાઓને ક્યારેય આવી રીતે પોલીસને સોંપવામાં આવ્યા છે?" તેવો સવાલ ઉઠાવી તેમણે પૂછ્યું છે કે, દાયકાઓ સુધી પક્ષ માટે લોહી-પરસેવો એક કરનારા કાર્યકર્તાઓ સાથે આવું વર્તન કેટલું યોગ્ય છે?

મતદારો કોઈને છોડતા નથી!, લિંબાયતમાં કોંગ્રેસના ઉમેદવારોને આડે હાથ લીધા

જો અમે મત આપીએ તો તમે કામ કરવાની લેખિત બાંયધરી આપો છો?, મતદારોમાં આક્રોશ

સુરતઃ લિંબાયતની માધવબાગ સોસાયટીમાં પ્રચાર કરવા ગયેલા કોંગ્રેસના ઉમેદવારોને એક સ્થાનિક મહિલાએ આડે હાથ લીધા હતા. મહિલાએ સીધો સવાલ કર્યો હતો કે, જો ભાજપ છેલ્લા 35 વર્ષથી સરકારમાં હોવા છતાં કંઈ કરી શકી નથી, તો કોંગ્રેસ માત્ર 3 મહિનામાં આવીને કયું મોટું પરિવર્તન લાવી દેશે? કોંગ્રેસના ઉમેદવારે આશ્વાસન આપતા કહ્યું કે, અમને મત આપશો તો જ અમે કોર્પોરેશનમાં જઈને તમારા અધિકાર માટે લડી શકીશું, ત્યારે સ્થાનિક મહિલાએ તીખો પ્રતિભાવ આપતા પૂછ્યું હતું કે, જો અમે તમને મત આપીએ તો આ કામ કરવાની લેખિત બાંહેધરી કોણ આપશે? મહિલાએ પોતાની વેદના ઠાલવતા કહ્યું કે, સમસ્યાઓથી કંટાળીને મકાન વેચવા કાઢીએ તો પણ કોઈ યોગ્ય ભાવ આવતા નથી. જો કે ઉમેદવારોએ 'પરિવર્તન'નો નારો લગાવી ખાડીના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવાનું વચન આપ્યું હતું, પરંતુ જનતાનો મિજાજ જોતા સ્પષ્ટ લાગે છે કે આ વખતે મત મેળવવા એ લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થશે.

પક્ષપલટું રામાનંદી માટે સોશિયલ મીડિયામાં અભદ્ર શબ્દો લખાયા!

અગાઉ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ફોર્મ પરત ખેંચી લેનાર રામાનંદીને ગદ્દાર ગણાવાયો

Mohan Kanojiya is at गद्दार जरा दूर रहे तो अच्छा रहेगा. · Follow

संजय रामानंदी हिजड़ा था हिजड़ा है और हिजड़ा रहेगा गद्दार था और गद्दार रहेगा बुर्का पहनकर आया हुआ था फोम खींचने के लिए हिजड़ा साला और लोगों की राम भगवान की कसम खिलाया था क्या राम भगवान भी तुझे माफ नहीं करेंगे हिजड़े संजय रामानंदी आज से तू चेहरा भी देखेगा ना अपना तो भी अपने आप में तुझे हिजड़ा ही दिखाई देगा??
#गद्दार संजय रामानंदी
#हिजड़ा संजय रामानंदी

સુરતઃ કોંગ્રેસના સભ્ય સંજય રામાનંદી દ્વારા પક્ષ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાતા જ ફેસબુક પર ઉગ્ર અને અપમાનજનક પોસ્ટ મૂકવામાં આવી છે. આ પોસ્ટમાં સંજય રામાનંદીને નિશાન બનાવીને અત્યંત નીચલા સ્તરની ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે સોશિયલ મીડિયામાં વાયરલ થતા રાજકીય ગરમાવો વધી ગયો છે. કાર્યકરોમાં એ વાતનો રોષ છે કે જે વ્યક્તિ અત્યાર સુધી પક્ષના નામે મત માંગતી હતી, તે અચાનક સ્વાર્થ ખાતર પક્ષપલટો કરી રહી છે. વાયરલ થયેલી પોસ્ટમાં આક્રોશ વ્યક્ત કરતા સંજય રામાનંદી માટે ગદ્દારની સાથે સાથે અપમાનજનક શબ્દો પણ લખવામાં આવ્યા છે. રામાનંદી માટે 'બુરખો પહેરીને આવ્યો હતો ફોર્મ ખેંચવા માટે, લોકો પાસે રામ ભગવાનની કસમ ખવડાવી હતી. રામ ભગવાન પણ તને માફ નહીં કરે? આજથી તું તારો ચહેરો પણ જોઈશ તો તને તારામાં ગદ્દાર જ દેખાશે.'' આ પોસ્ટમાં હેશટેગ સાથે 'ગદ્દાર સંજય રામાનંદી' અને અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરીને જાહેરમાં માનહાનિ કરવામાં આવી છે. આ પ્રકારની પોસ્ટને કારણે વિસ્તારના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે કે શું હવે રાજકીય લડાઈ માત્ર વૈચારિક ન રહેતા વ્યક્તિગત અને અભદ્ર ટીપ્પણીઓ સુધી સીમિત થઈ ગઈ છે?

ભાજપના ચારેય ઉમેદવારોને વોર્ડ નં.19માં ઘેરી રોકડું પરખાવાયું

રોડ બનાવવા માટે છેલ્લા બે મહિનાથી અરજી કરવા છતાં પણ કેમ કામગીરી કરવામાં આવી નથી?: સ્થાનિકો

સ્થાનિકોનો આક્રોશ એટલો ઉગ્ર હતો કે કાર્યકરોએ સ્થિતિને થાળે પાડવા માટે વહીવટી પ્રક્રિયા સમજાવી

ઉમેદવારો મત માંગવા પહોંચ્યા, ત્યારે સ્થાનિક રહીશોએ તેમને સોસાયટીના સી.સી. રોડના વણઉકેલ્યા પ્રશ્નો બાબતે આડેહાથ લીધા હતા.

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રચાર માટે નીકળેલા સત્તાધારી પક્ષના ઉમેદવારોને હવે ગલીએ ગલીએ જનતાના આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે. વોર્ડ નંબર 19ના વિસ્તારોમાં જ્યારે ભાજપના

લોકોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, રોડ બનાવવા માટે છેલ્લા 2-2 મહિનાથી વારંવાર અરજીઓ કરવા છતાં પાલિકા પ્રશાસન દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. કામ થતા નથી તો મત શા માટે આપીએ? તેવા તીખા સવાલો સાથે રહીશોએ ઉમેદવારોને સ્થળ પર જ ભીંસમાં લીધા હતા.

સોસાયટીના રહીશોનો આક્રોશ એટલો ઉગ્ર હતો કે ભાજપના કાર્યકરોએ સ્થિતિને થાળે પાડવા માટે અરજીની પ્રક્રિયા અને વહીવટી વિલંબ અંગે સમજાવટના પ્રયાસો કરવા પડ્યા હતા. જોકે, વિકાસના વાયદાઓ અને વાસ્તવિક પરિસ્થિતિ વચ્ચેના તફાવતને લઈને લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે,

સુરતમાં ખુલ્લેઆમ દારૂ પીવાય છે અને અડ્ડા ચાલે છે, તમારે શું કહેવું છે?

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સાથેના કાર્યક્રમમાં હર્ષ સંઘવીને સીધો પ્રશ્ન પુછાયો

હર્ષ સંઘવીએ જવાબ આપ્યો કે પોલીસમાં જે ફુટેલા હશે તેની સામે કડક કાર્યવાહી કરાશે

સુરતના : ડભોલી વિસ્તારમાં ભાજપના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ હેમાંગ જોશી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે યોજાયેલા સંવાદ કાર્યક્રમમાં એક ઈન્ફ્લુએન્સરે દારૂના અડ્ડાઓ અંગે સીધો સવાલ ઉઠાવ્યો હતો. "હું કોઈ નેતાથી ડરતો નથી સુરતમાં ખુલ્લેઆમ દારૂ પીવાય છે અને અડ્ડાઓ ચાલે છે, તેના પર તમારું શું કહેવું છે?''એવા સવાલને ગંભીરતાથી લેતા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સ્પષ્ટ જવાબ આપ્યો કે પોલીસ વિભાગમાં જે કોઈ 'ફૂટેલા'હોય અથવા બુટલેગરો સાથે મિલીભગત રાખતા હોય, તેમના સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અનેકને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને આગળ પણ કડક પગલાં ચાલુ રહેશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી. ત્યારબાદની પત્રકાર પરિષદમાં હર્ષ સંઘવી ગેરહાજર રહેતા અનેક ચર્ચાઓને બળ મળ્યું હતું.

સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

વોર્ડ નં. 21 (સોની ફળીયા- નાનપુરા- અઠવા-પીપલોદ)

આ વોર્ડમાં હિન્દુ-મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી સહિતના તમામ મતદારો

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર 21 માં પરંપરાગત રીતે ભાજપનું વર્ચસ્વ રહ્યું છે. વર્ષ 1981માં ભાજપના ઉમેદવારે અહીથી જીતીને ભાજપના ઉદયના મંડાણ કર્યા હતા. આ વોર્ડ પરંપરાગત રીતે ભાજપનો ગઢ રહયો છે. આ વોર્ડમાંથી ભાજપના સ્વ.કાશીરામ રાણા, સ્વ.નરેન્દ્ર ગાંધી જેવા નેતાઓ ચુંટાઈ આવ્યા હતા. કાળક્રમે ભાજપે આ વોર્ડને સલામત રાખવા સીમાંકનમાં ધણા ફેરફાર કર્યા અને કોટ વિસ્તારના મધ્યભાગથી છેક પીપલોદ સુધી વોર્ડને લંબાવ્યો. અહી વર્ષ 2021 ની ચૂંટણીમાં પણ ભાજપે આ વોર્ડમાં ક્લીન સ્વીપ કરીને ચારેય બેઠકો મોટા માર્જીનથી કબજે કરી હતી. જ્યારે કોંગ્રેસ બીજા ક્રમે રહી હતી. અગાઉ અહી 1,21,480 મતદારો અને 123 બુથ હતા પરંતુ એસઆરઆઈ બાદ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 94,088 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 97 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના ડિમ્પલ કાપડીયા, સુમન ગડીયા, અશોક રાંદેરીયા, વ્રજેશ ઉનડકટ જીત્યા હતા. જ્યારે બીજા નંબરે અહી કોંગ્રેસ જીત્યુ હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,10,776 મતો મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને 32,857 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 77,919 મતોનું અંતર હતું. આ વખતે આ વોર્ડમાં ભાજપને રાજસ્થાની અગ્રવાલ સમાજ અને મહેશ્વરી સમાજ વચ્ચે ટીકીટની ખેંચતાણમાં છેલ્લી ઘડીએ એક મહિલા ઉમેદવાર બદલવાની સ્થિતી ઉભી થઇ હતી.

જાતિગત સમીકરણ

વોર્ડ નંબર 21 માં જ્ઞાતિનું સમીકરણ ખૂબ જ વૈવિધ્યસભર છે. સોનીફળીયા અને ગોપીપુરા જેવા વિસ્તારોમાં જૈન અને વણિક મતદારોનું પ્રભુત્વ છે, જેઓ ભાજપની પરંપરાગત વોટબેંક ગણાય છે. નાનપુરા અને અઠવા વિસ્તારમાં પારસી, ખ્રિસ્તી અને લઘુમતી મતોનું પણ અસ્તિત્વ છે. પીપલોદ અને વેસુ તરફના નવા વિસ્તારોમાં ઉચ્ચ મધ્યમ વર્ગ, બિઝનેસમેન અને રાજસ્થાની તેમજ ઉત્તર ભારતીય મતોનું પ્રમાણ મોટું છે. અહીં ડાયમંડ કિંગ્સથી લઈને મોટા ટેક્સટાઇલ ઉદ્યોગપતિઓ વસે છે. આ વોર્ડમાં શિક્ષિત અને જાગૃત મતદારોની સંખ્યા વધુ હોવાથી મતદાનની પેટર્ન સ્થિર રહે છે.

મુખ્ય સ્થાનિક મુદ્દા અને પડકારો

- **પાર્કિંગની સમસ્યાઃ** સોનીફળીયા અને નાનપુરા જેવા જૂના વિસ્તારોમાં રસ્તાઓ સાંકડા હોવાથી અને કોમર્શિયલ એક્ટિવિટી વધુ હોવાથી પાર્કિંગનો ગંભીર પ્રશ્ન છે.
- **ટ્રાફિક અને દબાણઃ** પીપલોદ અને વેસુના મુખ્ય રોડ પર રાત્રીના સમયે ખાણીપીણીની લારીઓના કારણે ટ્રાફિક જામની સમસ્યા રહે છે.
- **રખડતા ઢોરઃ** અઠવા અને પીપલોદના રહેણાંક વિસ્તારોમાં રખડતા ઢોરનો ત્રાસ સ્થાનિકો માટે ચિંતાનો વિષય છે.
- **પાણી અને સફાઈઃ** જૂના નાનપુરા અને સોનીફળીયા વિસ્તારમાં જૂની ડ્રેનેજ લાઈનો અને લો-પ્રેશરથી પાણી મળવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે.

પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદાર: 47,245
સ્ત્રી મતદાર: 46,828
કુલ મતદાર: 94,088

ભૌગોલિક સ્થિતિ

વોર્ડ નંબર 21 માં સોનીફળીયા, ગોપીપુરા, નાનપુરા, મક્કાઈ પુલ, અઠવા લાઇન્સ, પીપલોદ અને પાર્લે પોઈન્ટ જેવા મહત્વના વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વોર્ડનો વિસ્તાર જૂના શહેરના કોટ વિસ્તારથી શરૂ થઈને તાપી નદીના કિનારે કિનારે પીપલોદ સુધી ફેલાયેલો છે. તેમાં એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, અઠવા ગેટ અને વી.આઈ.પી. રોડ જેવા મુખ્ય લેન્ડમાર્ક આવેલા છે. આ વિસ્તારમાં પોશ સોસાયટીઓ અને એપાર્ટમેન્ટ્સની સંખ્યા વધુ છે, જે તેને શહેરનો સૌથી વધુ ટેક્સ આવક આપતો વોર્ડ બનાવે છે.

1990થી શરૂ કરીને છેક અત્યાર સુધી સુરત મહાપાલિકામાં

ભાજપે મોટા ભાગે મેયર તરીકે ચર્ચાતા નામો પડતા જ મૂક્યાં છે!

જ્યારે મેયરની પસંદગી કરવાની આવે ત્યારે સુરત મહાપાલિકામાં ચર્ચા બીજાની અને મેન્ડેટ બીજાના નામનો આવ્યો

ભાજપના પહેલા મેયર તરીકે કાશીરામ રાણા બન્યા હતા, હવે નવા મેયર તરીકે મહિલા આવશે પણ કોણ? તે અસમંજસ

સુરત : છેલ્લા 36 વર્ષથી સુરત મનપામાં ભાજપનું શાસન છે ત્યારે અત્યાર સુધી મેયરપદ પર ભાજપે હંમેશા ચર્ચામાં નહીં હોય તેવા સ્કાયલેબને જ ઉતાર્યા છે. ઈતિહાસ પર નજર કરીએ તો, મેયર પદ સુધી પહોંચેલા મોટા ભાગના નેતાઓ માટે આ ખુરશી અંતિમ મંજિલ સાબિત થઈ હોવાનું ચિતાર સામે આવ્યું છે. જેમાં બે ત્રણ નેતા જ અપવાદ છે.

આમ, તો સુરત મહાપાલિકામાં ભાજપનું ખરૂં શાસન તો 1990માં કોંગ્રેસના અજીત દેસાઈના બળવાથી શરૂ થયું હતું. પરંતુ તે પહેલા મહાપાલિકામાં અસ્થિર રાજકીય સ્થિતિમાં 1983માં પહેલી વખત ભાજપના કાશીરામ રાણા મેયર રહ્યા હતા. જો કે, તે માત્ર બે જ માસ માટે. ત્યારબાદ પણ બે વખત કાશીરામ રાણા સુરતના મેયર બન્યા હતા. જોકે, 1995માં જ્યારે ભાજપની સંપૂર્ણ બહુમતિ આવી ત્યારથી શરૂ કરીને 36 વર્ષના ભાજપના શાસનના ઈતિહાસમાં ફકીરભાઈ ચૌહાણથી માંડીને દક્ષેશ માવાણી સુધીના 15 મેયરો પૈકી માત્ર બે મેયર અજય ચોકસી અને રણજીત ગિલીટવાલા જ મેયર બન્યા બાદ પણ ધારાસભ્યપદ સુધી પહોંચી શક્યા હતા અને તેમાં પણ ગિલીટવાળા તો રાજ્યકક્ષાના મંત્રી પણ બન્યા હતા. મેયર બન્યા બાદ અન્ય નેતાઓ ખોવાઈ ગયા ત્યારે નિરંજન ઝાંઝમેરાને ભાજપના શહેર પ્રમુખ બનવાનો મોકો મળ્યો હતો.

ભાજપમાં મેયરપદે સ્કાયલેબ જ આવ્યા તેનો પુરાવો એ છે કે વર્ષ 2010માં રાજેશ દેસાઈના નામની ચર્ચા હતી અને રાજુ દેસાઈ મેયર બની ગયા હતા. આજ રીતે પ્રફુલ પાનશેરીયાનું નામ ચર્ચામાં હતું અને તેમણે મિઠાઈઓ પણ બનાવડાવી દીધી હતી ત્યારે મેયરપદે અન્યને બેસાડી દેવાયા હતા. ત્યારબાદ 2013માં દિપક આફ્રિકાવાલા અને રાજુ જોળીયાના નામો ચર્ચામાં હતા અને મેયર નિરંજન ઝાંઝમેરા બની ગયા હતા. 2015માં ડૉ. જગદીશ પટેલનું નામ ચર્ચામાં હતું અને અસ્મિતા શિરોયા મેયર બન્યા હતા. 2018માં રાજેશ દેસાઈ, અનિલ ગોપાલાણીના નામોની ચર્ચા ચાલી પણ ડો. જગદીશ પટેલ મેયર બન્યા હતા. વર્ષ 2021માં દર્શિની કોઠીયા અને ઉવર્શી પટેલ જેવા નામોની ચર્ચા વચ્ચે હેમાલી બોઘાવાલા મેયર બન્યા હતા અને વર્ષ 2023માં કિશોર મીયાણી સહિત અન્યોના નામો ચર્ચામાં હતા અને દક્ષેશ માવાણી મેયર બન્યા હતા. મહાપાલિકાના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે કે, જ્યારે મેયરની ટર્મ પુરી થયા બાદ પણ દક્ષેશ માવાણીને ફરીથી ટિકીટ આપવામાં આવી છે.

ભાજપના બે નેતા પહેલા ધારાસભ્ય અને બાદમાં મેયર અને બે નેતા પહેલા મેયર અને બાદમાં ધારાસભ્ય બન્યા

ભાજપમાં એવું પણ બન્યું છે કે, ઘણા નેતાઓને એક મોભાનું પદ મળ્યા બાદ તેનાથી નીચેના સ્થાને પણ ફરી બેસાડાયા હોય, ભાજપના સ્થાપક નેતા કાશીરામ રાણા પહેલા ધારાસભ્ય બન્યા હતા. બાદમાં તેઓ કોર્પોરેટર બન્યા અને મેયર પણ બન્યા હતા. આજ રીતે ડો. કનુ માવાણી પણ પહેલા ધારાસભ્ય બન્યા હતા, બાદમાં સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ બન્યા અને બાદમાં સુરત મહાપાલિકામાં મેયર બન્યા હતા. આજ રીતે ભાજપના અજય ચોકસી પહેલા મેયર અને બાદમાં ધારાસભ્ય બન્યા હતા. મેયર રણજીત ગિલીટવાળા પણ પહેલા સુરતના મેયર બન્યા અને બાદમાં ધારાસભ્ય બન્યા હતા.

ભાજપના અત્યાર સુધીના મેયરો

- કાશીરામ રાણા
- ફકીરભાઈ ચૌહાણ
- ગીતાબેન દેસાઈ
- નવનીત જરીવાલા
- સવિતા શારદા
- ભીખુભાઇ બોઘરા
- અજય ચોકસી,
- સ્નેહલતાબેન ચૌહાણ,
- ડો. કનુભાઈ માવાણી,
- રણજીત ગિલીટવાળા
- રાજુ દેસાઈ
- નિરંજન ઝાંઝમેરા
- અસ્મિતા શિરોયા
- ડો. જગદીશ પટેલ
- હેમાલી બોઘાવાલા
- દક્ષેશ માવાણી.

વોર્ડ નંબર 22 (ભટાર-વેસુ-મગદલ્લા-ડુમસ)

ગત વખતે ભાજપ સિવાયના તમામની ડિપોઝિટ ડૂલ થઈ હતી

વોર્ડ નંબર 22 એ શહેરનો સૌથી પોશ અને ભૌગોલિક દૃષ્ટિએ વિશાળ વિસ્તાર ધરાવતો વોર્ડ છે. સુરતના દરિયાકાંઠાના ડુમસથી લઈને હાઈ-વે ટચ વેસુ અને ભટાર જેવા વિસ્તારોને આવરી લે છે. અહીં જૂના ગામતળ અને અદ્યતન હાઈરાઈઝ બિલ્ડિંગોનું અદ્ભૂત મિશ્રણ જોવા મળે છે. વર્ષ 2021ની ચૂંટણીમાં આ વોર્ડ ભાજપ માટે એકતરફી રહ્યો હતો, જેમાં ભાજપની પેનલે જંગી બહુમતી સાથે વિજય મેળવ્યો હતો. નવી મતદારયાદી અને સીમાંકન બાદ અહીંના સમીકરણોમાં આધુનિક મતદારોનો પ્રભાવ વધ્યો છે. અગાઉ અહી 1,18,516 અને 111 બુથો હતો જો કે એસઆરઆઈ બાદ અહી મતદારો ઘટયા છે પરંતુ સાવ નહીવત અન્ય વોર્ડમાં 20 હજારથી માંડીને 40 હજાર સુધીના મતદારો કમી થયા છે ત્યારે અહી નવી મતદાર યાદીમાં માત્ર સાડા સાત હજાર મતદારો ઘટયા છે. હવે નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 1,11,055 મતદારો છે અને બુથની સંખ્યા 113 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના કૈલાશ સોલંકી, રશ્મિ સાબુ, દીપેશ પટેલ અને હીમાંશુ રાઉલજી જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,11,883 મતો મળ્યા હતા. જયારે આપના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને માત્ર 18,363 મતો મળ્યા હતા. મોટા ભાગના ઉમેદવારોની ડીપોઝીટ ડુલ થઇ હતી.

જાતિગત સમીકરણ

હાઈ પ્રોફાઈલ અને બિઝનેસ ક્લાસઃ વેસુ અને ભટાર રોડ પર મોટી સંખ્યામાં રાજસ્થાની, મારવાડી અને ઉત્તર ભારતીય સમુદાય વસે છે. જેઓ મુખ્યત્વે ટેક્સટાઈલ અને રિયલ એસ્ટેટ સાથે જોડાયેલા છે અને પરંપરાગત રીતે ભાજપના સમર્થક ગણાય છે.

સ્થાનિક જ્ઞાતિઓઃ મગદલ્લા, ગવિઅર અને ડુમસ જેવા વિસ્તારોમાં કોળી પટેલ અને અન્ય ઓબીસી જ્ઞાતિઓનું વર્ચસ્વ છે, જેઓ પશુપાલન અને સ્થાનિક વ્યવસાયો સાથે સંકળાયેલા છે.

શિક્ષિત અને પ્રોફેશનલ વર્ગઃ આ વોર્ડમાં મોટા પ્રમાણમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ડોક્ટરો અને હીરા ઉદ્યોગના માંધાતાઓ વસવાટ કરે છે, જેઓ વિકાસ અને સુરક્ષાના મુદ્દે મતદાન કરે છે.

રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

વોર્ડ નંબર 22 રાજકીય રીતે ભાજપ માટે સૌથી સુરક્ષિત બેઠક ગણાય છે. જોકે, આધુનિકતાની સાથે અહીં કેટલીક ગંભીર સમસ્યાઓ પણ છે:

ટ્રાફિક અને રખડતા ઢોરઃ વેસુના વીઆઈપી રોડ અને ભટાર ચાર રસ્તા પર ટ્રાફિકની સમસ્યા વકરી છે. ડુમસ અને મગદલ્લા રોડ પર રખડતા ઢોરનો ત્રાસ સ્થાનિકો માટે ચિંતાનો વિષય છે.

પાણી અને પર્યાવરણઃ ડુમસ તરફના છેવાડાના વિસ્તારોમાં હજી પણ પાણીના પ્રેશરની સમસ્યા છે. ઉપરાંત, વેસુમાં ઝડપથી થતા શહેરીકરણને કારણે ગાર્ડન અને ખુલ્લી જગ્યાઓની જાળવણીનો મુદ્દો ઉઠતો રહે છે.

એરપોર્ટ અને મેટ્રોઃ એરપોર્ટના રન-વે વિસ્તરણ અને મેટ્રો રેલની કામગીરીને કારણે ઉભી થયેલી માળખાગત અસુવિધાઓ જનતામાં નારાજગી લાવી શકે છે.

પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 56,775
સ્ત્રી મતદારોઃ 54,279
કુલ મતદારોઃ 1,11,055

ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ સુરતના દક્ષિણ-પશ્ચિમ છેડે આવેલો છે. તેની સીમાઓ ભટાર આઝાદ નગરથી શરૂ થઈને સમગ્ર વેસુ વિસ્તાર, યુનિવર્સિટી રોડ, મગદલ્લા ગામ, ગવિઅર, સુલતાનાબાદ અને છેક ડુમસ દરિયાકિનારા સુધી લંબાયેલી છે. સુરતનું એરપોર્ટ, ડુમસ બીચ અને મોટી શૈક્ષણિક સંસ્થાઓ આ જ વોર્ડનો ભાગ છે.